ઉચ્ચતર માધ્યમિક

# સુચના :- શાળા દ્વારા કરવામાં આવતી અસામાન્ય ભુલો નિવારવા નીચેની સુચનાઓનો અમલ કરવો

- વર્ષ ૨૦૨૧-૨૨ બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ/વર્ગવધારા માટે નિયત થયેલ દરખાસ્ત ફી ૨૫૦૦ રૂ ઓનલાઈન જમા કરાવવાના રહેશે.(ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી.
- ધોરણ -૧૧ પ્રથમ વર્ગ અને ધોરણ -૧૨ ક્રમિક પ્રથમ વર્ગની દરખાસ્ત કરવા શાળાએ **S.S.C. Index No.**ના માધ્યમથી રજીસ્ટ્રેશન કરી દરખાસ્ત કરવાની રહેશે જ્યારે ધોરણ -૧૧/૧૨ના વર્ગ વધારાની દરખાસ્ત માટે શાળાએ **H.S.C. Index No**. ના માધ્યમથી રજીસ્ટ્રેશન કરી દરખાસ્ત કરવાની રહેશે
- દરખાસ્ત સમયે વિગતો **પુરતી ચકાસણી** બાદ જ એપ્લીકેશન ઓનલાઈન સબમીટ કરવી. જ્યા સુધી વર્ગ મંજૂરીની સમગ્ર પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી શાળા પ્રતિનિધિએ દરખાસ્ત નું **Status** વારંવાર ચેક કરી લેવું તેમજ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલા વર્ગ મંજુરી સંબંધિત સંદેશા(એસ.એમ.એસ.) ચકાસી લેવા, જેથી દરખાસ્તની **Query**ને સમયસર સોલ્વ કરી **Re-Submit** કરી શકાય. સમયસર સબમિટ ન થયેલી **Query**ની પૂર્તતા વાળી દરખાસ્ત ને પણ ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી કરવાની છેલ્લી તારીખ બાદ કોઈ પણ સંજોગોમાં દરખાસ્ત કરી શકાશે નહી જેથી કરી સમયસર અરજી પ્રકિયા આપના તરફથી કરવામાં આવે તે આપના જરૂરી છે.
- દરખાસ્ત કર્યા બાદ અપલોડ કરેલ **ડોક્યુમેન્ટની Quality** વંચાણ યોગ્ય અને જરૂરીયાત મુજબના તમામ આધાર અપલોડ થયેલ છે કે કેમ તે અંગેની ચકાસણી કરી લેવી.
- અનુભવે જણાયુ છે કે, **સરાસરી હાજરી**ની વિગત ભરવામાં નિષ્કાળજી રાખવામાં આવે છે માટે સરાસરીની માહિતી ધ્યાન પૂર્વક ચકાસણી કરીને જ **Input** કરવી.
- અત્રેની કચેરીને ધ્યાને આવેલ છે કે, જો શાળામાં ધો-૧૧ સા.પ્ર., ગુ.મા.ના બે વર્ગ કાર્યરત હોય અને શાળા ધો-૧૧ વિ.પ્ર.,ગુ.મા. પ્રથમ વર્ગ માટે દરખાસ્ત કરે છે ત્યારે શાળા દ્વારા ધો-૧૧ ના ત્રીજા વર્ગ તરીકે દરખાસ્ત કરવામાં આવે છે જે યોગ્ય નથી , તેના સ્થાને શાળાએ ધો-૧૧ વિ.પ્ર., ગુ.મા. ના પ્રથમ વર્ગ માટે દરખાસ્ત કરવાની રહે. **મતલબ કે, શાળા દ્વારા જે પ્રવાહ અને માધ્યમ ના વર્ગ વધારા માટે દરખાસ્ત કરવામાં આવે છે, તે જ પ્રવાહ અને માધ્યમમાં આગળના વર્ગ મંજૂર હોવા જરૂરી છે. અન્યથા નવા પ્રવાહ કે માધ્યમમાં પ્રથમ વર્ગની જ દરખાસ્ત કરવાની રહેશે.**

# કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર

# ઉચ્ચતર માધ્યમિક બિનસરકારી ગ્રાન્ટેડ શાળાની વર્ગ મંજૂરી અંગેના ધારા ધોરણો

→ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.૨૭-૦૪-૧૧ના ઠરાવાથી જે શાળામાં ફક્ત ધોરણ ૯,૧૦ ગ્રાન્ટેડ વર્ગો છે ત્યાં ધોરણ ૧૧ સળંગ એકમ ગ્રાન્ટેડ વર્ગ મંજુર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે જેનું યોગ્ય પાલન કરવાનું રહેશે.

→ શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૧૧ના ઠરાવ અનુસારગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ધોરણ ૧૧ના નવા વર્ગોની મંજુરી માટે ધોરણ ૧૦માં ૫૦ કરતાં વધુ વિદ્યાર્થી અભ્યાસ કરતા હોવા જોઈએ તથા ધોરણ ૧૦ બોર્ડનું છેલ્લા ૩ વર્ષનું પરિણામ સરેરાશ ૫૦ ટકા કે તેથી વધારે હોવું જોઈએ.

→ શિક્ષણ વિભાગના તા.૦૮-૦૩-૧૧ના ઠરાવ અનુસાર શાળાના દરેક ધોરણના માન્ય વર્ગમાં શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ના ઠરાવની જોગવાઈ નં.૧ અને ૨ મુજબ જે તે શૈક્ષણિક વર્ષમાં ૬૦ વિદ્યાર્થીઓની રજિસ્ટર્ડ સંખ્યા(પ્રવેશ સંખ્યા – Enrolment) હોવી જોઈએ.

→ શિક્ષણ વિભાગના તા.૦૮-૦૩-૧૧ના ઠરાવ અનુસાર શાળાના દરેક ધોરણના માન્ય વર્ગમાં શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ના ઠરાવની જોગવાઈ નં.૩ મુજબ જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિદ્યાર્થી પ્રવેશ સંખ્યા સામે શહેરી વિસ્તારમાં ૮૦% અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫%દૈનિક સરાસરી હાજરી જાળવવી જરૂરી છે.

→ શિક્ષણ વિભાગના તા.૦૮-૦૩-૧૧ના ઠરાવ અનુસાર ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની શાળામાં જે તે ધોરણના દરેક વધારાના વર્ગ માટે નીચેના ટેબલમાં કોલમ નં.૩ અને ૪માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ વિદ્યાર્થીઓની રજિસ્ટર્ડ સંખ્યા ધ્યાને લેવામાં આવશે.

| ક્રમ | વર્ગ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૨૪ | ૩૬ |
| ૨ | બીજો | ૬૦+૨૪ | ૬૦+૩૬ |
| ૩ | ત્રીજો | ૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૩૬ |
| ૪ | ચોથો | ૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૩૬ |
| ૫ | પાંચમો | ૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| ૬ | છઠ્ઠો | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| ૭ | સાતમો | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| ૮ | આઠમો | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| ૯ | નવમો | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| ૧૦ | દસમો | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૨૪ | ૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૬૦+૩૬ |
| તે મુજબ આગળના વર્ગો માટે … | | | |

→ વિશિષ્ટ પ્રકારની શાળાઓ (અંધ,અપંગ ..)માટે સરાસરી હાજરીનું ધોરણ નીચે મુજબ છે.
  - અંધ શાળા માટે એક વર્ગમાં ઓછામાં ઓછી ૧૦(દસ) વિદ્યાર્થી સંખ્યા હોવી જોઈએ, એટલે કે ૧૦ વિદ્યાર્થીએ અંધ વર્ગનું પ્રમાણ રાખવાનું રહેશે.
  - વધારાના વર્ગ માટે નીચે પ્રમાણે વધુ સંખ્યા થાય તો જ નવો વર્ગ શરૂ કરવાનો રહેશે.
    - ૧૦ થી ૧૫ વિદ્યાર્થી – ૦૧ વર્ગ (પહેલો વર્ગ)
    - ૧૬ થી ૨૫ વિદ્યાર્થી – ૦૨ વર્ગ (બીજો વર્ગ)
    - ૨૬ થી ૩૧ વિદ્યાર્થી – ૦૩ વર્ગ (ત્રીજો વર્ગ)
    - ૩૨ થી ૪૫ વિદ્યાર્થી – ૦૪ વર્ગ (ચોથો વર્ગ)

→ શાળા પાસે નીચે મુજબની ભૌતિક સુવિધાઓ હોવી જોઇશે.
  - વર્ગખંડોની જોગવાઇ- દરેક વર્ગખંડનું ક્ષેત્રફળ મા.શિ. વિનિમય નં. ૯(૧૩)(૨)ની જોગવાઇઓ મુજબ ઓછામાં ઓછું૪૦૦ ચો.ફૂટજ અને વિધાર્થી દીઠ ૬ચો.ફૂટ જાળવવાનું રહેશે.
  - વર્ગખંડોમાં લાઇટ પંખાની પર્યાપ્ત સુવિધા
  - પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઇએ.
  - આરોગ્ય વિષયક સગવડો પર્યાપ્ત હોવી જોઇએ.
  - સી.સી.ટી.વી. કેમેરા (મરજીયાત)
  - ફાયર સેફટી અંગેની વ્યવસ્થા.
  - શાળાના મકાન અંગે બી.યુ.પરમીશનનાં પ્રમાણપત્ર/મકાનના રજિસ્ટર્ડ સ્ટ્રકચરલ એન્જીનીયરીંગનું પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

→ રમતગમતના મેદાન અંગે શિક્ષણ વિભાગના તા.૦૪-૦૫-૦૯ના પત્રથી આપેલ સુચનાનુસાર વર્ગવધારો મંજુર કરતી વખતે શાળાની નોંધણી સમયે રજૂ કરેલ મેદાનના આધારો ધ્યાને લેવામાં આવશે.

→ શિક્ષણ વિભાગના તા.૦૪-૦૭-૧૨ના ઠરાવ અનુસાર ધોરણ ૯ થી ૧૨ ના ધોરણ દીઠ **7 કે તેથી વધારે** વર્ગોની મંજુરી માટે શાળામાં વધારાના નવા વર્ગો માટે પૂરતા વર્ગખંડો અને જરૂરી ભૌતિક સુવિધાઓ, શાળાનું બોર્ડના પરિણામ ૭૫% કે તેથી વધારે હોવું જોઈએ તથા સરકારના વખતોવખતના નિયમોથી નક્કી કર્યા મુજબ શાળામાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા જળવાતી હોવી જોઈએ.

→ વર્ગ વધારા અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સ્થળ તપાસના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અભિપ્રાય તથા સરકારશ્રી દ્વારા વખતોવખત ઠરાવવામાં આવતા ઠરાવો, જોગવાઈઓ અને સુચનાઓને ધ્યાને લેવામાં આવે છે.

## ઉચ્ચતર માધ્યમિક

→ શિક્ષણ વિભાગના તા.૦૫-૦૭-૧૧ના ઠરાવ અનુસાર અંતરિયાળ અને ડુંગરાળ પ્રદેશોમાં વ્યવહારિક દ્રષ્ટિબિંદુ અને કન્યા કેળવણી તથા વિજ્ઞાન પ્રવાહને પ્રોત્સાહન મળે તેવું દ્રષ્ટિબિંદુ અપનાવવામાં આવે છે.

→ ઉપરોક્ત નોર્મ્સ ઉપરાંત કમિશનર શાળાઓની કચેરીની કમિટિ દ્વારા વર્ગ વધારો મંજુર/નામંજુર કરવા અંગે વિવેકાધીન નિર્ણય કરવામાં આવશે.

→ વધુમાં, વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટ જોગવાઈમાં મંજુર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં વર્ગોને મંજૂરી આપવામાં આવશે.

→ જે તે વિસ્તારમાં મંજૂર કરવાપાત્ર વર્ગોની સંખ્યા વધુ હોય ત્યારે અંતરિયાળ અને ડુંગરાળ પ્રદેશોમાં વ્યવહારિક દ્રષ્ટિબિંદુ અને કન્યા કેળવણી તથા વિજ્ઞાન પ્રવાહને પ્રોત્સાહન મળે તેવું દ્રષ્ટિબિંદુ રાખી નીચે મુજબના નોર્મ્સને ધ્યાને લઈ મેરીટ તૈયાર કરી અગ્રતાક્રમ મુજબ વર્ગોની મંજૂરી આપવામાં આવશે.

જે ધોરણનો વર્ગ માંગેલ હોય તેના માટેની રજિસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા + શાળાનુ HSC નું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ

→ લઘુમતી શાળાઓને પણ ઉપરોક્ત ધોરણો લાગુ પડશે.